# મોડાસામાં 'ચાંદીપુરમ' નામના ભયાનક રોગના ભરડામાં બાળક સપડાયું

## મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

મોડાસા, તા. ૧
હાલ ચોમાસાની ઋતુમાં ચાંદીપુરમ નામના ભયાનક રોગે માથુ ઉચકતા સમગ્ર જીલ્લામાં ભય વ્યાપી ગયો છે. હમણાં જ થોડા દિવસ પહેલા મોડાસાની ખાનગી હોસ્પીટલમાં આ ચાંદીપુરમ નામના રોગને લઈને બે બાળકો મૃત્યુ પામ્યા હતા. ત્યારે આજે ફરીથી મહિસાગર તાલુકાના ગંગાટા ગામનો એક માસુમ બાળક આ રોગના ભરડામાં સપડાતા તેને સારવાર અર્થે મોડાસાની એક ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લાને અડીને આવેલ મહીસાગર દાહોદ પંચમહાલ જિલ્લામાં આ ચાંદીપુરમ નામના ભયાનક રોગે માથું ઉચકયુ છે ત્યારે થોડા દિવસ પહેલા મોડાસાની ખાનગી હોસ્પીટલમાં આ રોગને લઈને બાળકો મૃત્યુ પામ્યા છે ત્યારે આજે ફરીથી મહિસાગર જીલ્લાના ગંગાટા ગામના બાળકને આ રોગ થતાં તેને સારવાર અર્થે મોડાસા લાવવામાં આવ્યો હતો જયારે પિડીત બાળકના પિતાને આ બાળક અંગે પુછતા બાળકને રાત્રે ઠંડી ચડીને તાવ છે અને ઓચીતી ઝાડા ઉલટી અને ખેચો ચાલુ થઈ જાય છે ત્યારે આ બાળકને મહિસાગર જિલ્લાની હોસ્પીટલમાં પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર અથે મોડાસા ખાતે દાખલ કરવામાં આવ્યો હતો.

# મોડાસામાં મંદિરમાં તોડફોડને પગલે વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા ડી.એસ.પી.ને આવેદનપત્ર અપાયું

મોડાસા, તા. ૧
મોડાસા તાલુકાના રામેશ્વર કંપા ખાતે આવેલા શીવમંદીરમાં ગઈકાલે અસામાજીક તત્વો દ્વારા મુર્તી ખંડીત કરવાને લઈને સમગ્ર હિંદુ સમાજમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે જેને પગલે આજરોજ મોડાસા ખાતે વીશ્વ હિનદુ પરીષદ બજરંગદઈ અને દુર્ગાવાહીની જેવી હીન્દુ સંસ્થાઓ ધ્વારા જીલ્લા પોલીસ વડાને કસુરવારો ને પકડી કડક સજા કરવા માટે આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા શહેરની ગણના હાલ એક અતીસંવેદનશીલ એરીયા તરીકે કરવામાં આવે છે. આ એરીયામાં કોઈ અરનીછનીય ઘટના ના બને તે માટે પોલીસ તંત્ર દ્વારા બાજ નજર રાખવામાં આવે છે. ત્યારે આવા સંવેદનશીલ એરીયામાં ગઈકાલે મોડાસા તાલુકાના રામેશ્વર કંપા ખાતે આવેલ એક પૌરાણીક શિવમંદિર માં કોઈ અસામાજીક તત્વો દ્વારા પાર્વતી જી ની મુર્તી ખંડીત કરાતા સમગ્ર હિદુ સમાજ માંરોષ ફેલાઈ ગયો છે તયારે મોડાસા શહેર માં આ ઘટના કોઈ બીજુ સવરૂપ ધારણ ના કરે તેને લઈ ને કાલે વિભાગીય રેન્જ આઈજી રાજીવ રંજન ભગતે પણ આ ઘટના સ્થળ ની મુલાકાત લઈ ઘટના સથળ નુ નીરીક્ષણ કર્યુ હતુ ત્યારે આજ રોજ વિશ્વ હીનદુ પરીષદ બજરંગ દળ અને દુર્ગાવાહીની જેવી સંસ્થાઓ દ્વારા રોકડીયા હનુમાન થી રેલી કાઢી જીલ્લા પોલીસ વડા ને આવેદન પત્ર પાઠવી જલ્દી થી આ કૃતય કરનાર અસામાજીક તત્વો ને પકડી કડક માં કડક સજા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા ખાતે આવેલી સર્વોદય હાઈસ્કુલની બાળાઓ માટે જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા દ્વારા સ્પેશીયલ એક કરાટે કોચની વ્યવસ્થા કરાઈ હતી. હાલ સમાજ માં સ્ત્રીઓ ઉપર જે અત્યારચાર અને બળાત્કારના બનાવ બની રહયા છે તેને ધ્યાનમાં રાખીને અત્યારથી બાળાઓ સેલ્ફ ડીફેનસની તાલીમ લઈને ભવીષ્યમાં પોતાનુ આપ રક્ષણ કરી શકે તે હેતુ થી બાળઓ માટેકરાટે કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે આ તાલીમ આપવા માટે સ્પેશીય બ્લેક બેલ્ટ કરાટે કોચની નીમણુક કરવામાં આવી હતી.


(બાબુભાઈ પટેલ, વડાગામ)

## ધનસુરામાં સુરક્ષા સેતુ અંતર્ગત મહિલા સ્વબચાવ તાલીમ કેમ્પ યોજાયો

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ધનસુરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે મહિલા સશક્તિકરણ માટે સ્વબચાવ તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ ૧૫ દિવસ સુધી મહિલાઓને સ્વબચાવની તાલીમ આપવામાં આવશે. આ મહિલા સ્વબચાવ તાલીમ કેમ્પમાં સી.પી.આઈ.એચ. જે બેન્કર, પી.એસ.આઈ. આર.જી. બારોટ, કોલેજના આચાર્યા પ્રફુલાબેન બ્રહ્મભટ્ટ, આચાર્યા દક્ષાબેન અને વિદ્યાબેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન તાલીમમાં ભાગ લેનાર તમામ યુવતીઓને ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જે.એસ. મહેતા હાઈસ્કૂલ અને જિલ્લા પોલીસના સહયોગથી ૧૫ દિવસ સુધી સ્વબચાવની તાલીમ આપવામાં આવશે. તાલીમના અંતે તમામ તાલીમાર્થી બહેનોને જિલ્લા પોલીસ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. કાર્યક્રમને સફળ બનાવવા ધનસુરા પોલીસમથકના પી.એસ.આઈ. અને સ્ટાફના કર્મીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ધાનેરામાં ૧૮.૫૦ લાખની લૂંટનો નિષ્ફળ પ્રયાસ : પોલીસે બે અજાણ્યા લૂંટારા ઝડપવા કરી નાકાબંધી

ધાનેરા, તા. ૧
બનાસકાંઠા ના ધાનેરા માં ધોળા દિવસે લુંટ નો -યાસ થતા સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામી છે ભર બજારે બજારે લુંટ નો -યાસ જોઈ લોકો પણ ચોકી ઉઠ્યા હતા અને બજારમાં લોકો ના ટોળે-ટોળા ઉમ્નાતી પડ્યા હતા અને બજાર માં ટ્રાફિક જામ થયું હતું ધાનેરા પોલીસે ઘટના સ્થળે આવી ટ્રાફિક દુર કરી લુંટ કરનાર આરોપી ને પકડવાના ચક્રો ગતિમાન કાર્ય છે.

બનાસકાંઠા ના ડેડૂવા દૂધ મંડળી ના મંત્રી હરચંદભાઈ જગાભાઈ પટેલ આજે પગાર તારીખ હોવાથી તે ધાનેરા ની બનાસ બેંક માંથી પોતાની ગાડીમાં રૂ.૧૮??? ૪૦ હજાર લઈ ડેડૂવા ગામે જઈ રહ્યા હતા તે સમય દરમ્યાન ધાનેરા નેનાવા રોડ ઉપર આવેલી શક ભાજી ની દુકાન પર શક ભાજી લેવા માટે ઉભા હતા ત્યારે પાછળ કોઈ બે અજાણ્યા ઈસમો બાઈક પર આવી ગાડી માં પડેલી રૂ.૧૮ લાખ ૪૦ હાજર ભરેલી બેગ લઈ ભાગવા જતા મંત્રી એ બાઈક સવાર ને જડપી પડતા બાઈક સવાર બાઈક તેમજ પૈસા ભરેલી બેગ મૂકી ભાગી છૂટ્યા હતા ઘટ ની જાન લોકો ને થતા ઘટના સ્થળે લોકો ના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા અ ઘટની જાણ ધાનેરા પોલીસ ઈન્સ્પેકટર જે,ડી, સુતરીયા ને થતાં ધાનેરા પોલીસે ઘટના સ્થળે આવી ભાગેલા લુટારુઓ ને પકડવાના ચક્રો ગતિમાન કાર્ય છે.

# સાબરકાંઠા જિલ્લામાં મહિલા સશક્તિકરણ પખવાડિયાનો પ્રારંભ કરતા રાજ્યના ગૃહમંત્રી

હિંમતનગર, તા. ૧
સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતેના ટાઉન હોલ ખાતે શુક્રવારે રાજ્યના ગૃહમંત્રી રજની પટેલે જિલ્લામાં મહિલા સશક્તિકરણ પખવાડિયાનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરા, જિલ્લા પોલીસ વડા પી.એલ. માલ, જિલ્લા કલેકટર બંછાનિદિપાની,જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, એમ., નાયબ પોલીસ અધિક્ષક જ્યોતિ પટેલ, મહિલા પોલીસ મથકના પીઆઈ કે. આર. ડાભી સહીત જિલ્લા અને તાલુકાના પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહિલા સશક્તિકરણ પખવાડિયાનો પ્રારંભે સુરક્ષા સેતુ સાબરકાંઠા દ્વારા શુક્રવારે ઈડર નગરના ટાવર ચોકથી મહિલા સશક્તિકરણ પરેડને રાજ્યના ગૃહમંત્રી રજની પટેલ અને ઈડર ધારાસભ્ય રમણલાલ વોરાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં ઈડરની શાળા તેમજ કોલેજની વિદ્યાર્થીનિઓ, મહિલા પોલીસ બેન્ડ સાથે નગરના માર્ગો પર ફરીને સુત્રોચ્ચાર કરતી નગરના ટાઉન હોલ ખાતે પૂર્ણ થઈ હતી અને ગુજરાત સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહિલા સશક્તિકરણ અંતર્ગત રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખી મેલાના કાર્યક્રમમાં જોડાઈ હતી. જો કે આ મહિલા પખવાડિયાની ઉજવણી માટેના પ્રારંભે યોજાયેલ રાખીમેલામાં નેતાઓએ મહિલાની સારી વાતો કરી હતી. સમાજમાં ૫૦ ભાગીદારી ધરાવતી મહિલાઓને માત્ર સ્ટેજ પર સ્થાન આપ્યું હતું પરંતુ એક પણ મહિલાને ઉદ્‌બોધન કરવાની તક પણ નહોતી આપી પરંતુ મહિલાઓને આ કાર્યક્રમમાં બેસવાની જગ્યા તો દૂરની વાત પણ છેલ્લે ઉભા રહેવાનો વારો આવ્યો હતો. આગળ નગરજનો અને ભાજપના હોદ્દેદારો બિરાજમાન થયા હતા. જેથી આ કાર્યક્રમમાં એક મુહ દો બાતે નું સૂત્ર જેવી તંત્રની નીતિ છતી થઈ હતી.



## પ્રાંતિજના ઘનશ્યામલાલજી મંદિરે હિંડોળા નિદર્શન યોજાયુ

પ્રાંતિજના ભાખરિયા બસ સ્ટેશન પાસે સ્થિત ઘનશ્યામલાલજી હવેલી મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હિંડોળાનો ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ સ્થિત હજામ ચોરામાં ઘનશ્યામલાલજી હવેલી મંદિરમાં વૈષ્ણવ બહેનો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ-ભાદોના હિંડોળા બનાવવામાં આવ્યા હતા. જેમાં કૃત્રિમ વરસાદ તથા જંગલનો માહોલ ઉભો કરવામાં આવ્યો હતો. મંદિરમાં શ્રાવણ ભાદોના હિડોળાના દર્શન માટે ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. (તસવીર : સંજય રાવલ)

# સફાઈ કામદારોના બે જૂથો વચ્ચે એલજીમાં મારામારી

અમદાવાદ, તા.૦૧
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એલજી હોસ્પિટલમાં આજે સવારે રોજીંદા સફાઈ કર્મચારીઓ અને કાયમી કર્મચારીઓ આ બે જૂથ વચ્ચે મારામારી અને તોડફોડની ઘટના બની હતી.

જે ઘટનાને પગલે સવારે કલાકો સુધી સફાઈનું કામ અટકી પડ્યું હતું. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એલજી હોસ્પિટલમાં વર્ગ ચારના કાયમી અને રોજીંદા કર્મચારીઓ વચ્ચે છુટ્ટાહાથની મારામારી અને તોડફોડની ઘટના બની હતી. આ ઘટનાને પગલે સવારે કલાકો સુધી સફાઈનું કામ અટકી પડ્યું હતું. જો કે પોલીસ અને સફાઈ કામદારોના આગેવાનોએ બંને જુથ વચ્ચે સમાધાન કરાવતા કામ ફરીથી રાબેતા મુજબ ચાલુ થઈ ગયું હતું.

### ડીસામાંથી ૧૦ દિવસ અગાઉ ગુમ થયેલો માસુમ વિદ્યાર્થી

# પાલનપુર બસ સ્ટેન્ડથી ૪૦ વર્ષીય પરિણિત મહિલાના કબજામાંથી મળતા ચકચાર

ડીસા, તા. ૧
ડીસા તાલુકા નાં ચતરાડા ગામે થી દશ દિવસ અગાઉ એક ૧૨ ધોરણ માં ભણતો વિદ્યાર્થી ગુમ થયો હતો, જે બાદ પરિવાર ની ફરિયાદ આધારે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી, જેમાં આ વિધાર્થી આજ ગામની એક સંતાન ની માતા એવી પરણીતા સાથે પાલનપુર થી મળી આવ્યો હતો, જેનાથી આ માસુમ ને આધેડ એવી પરણીતા કયા ઈરાદે સાથે લઈ ગઈ તેની તાલુકા પી.આઈ. આર. એમ. ભદોરિયાએ ડાણપૂર્વકની તપાસ હાથ ધરેલ છે.

આ ઘટનાની પોલીસ દફતરે થી મળેલી વિગતો જોઈએ ઓ ડીસા તાલુકા નાં ચતરાડા ગામે રહેતા રાણાભાઈ વિહાભાઈ રબારી નો ધોરણ -૧૨ માં અભ્યાસ કરતો પુત્ર ભાવેશ બાજુના ગોઢ ગામની હાઈસ્કુલ માં અભ્યાસ કરતો હતો, જે ગત ૨૨ મી જુલાઈ ના રોજ સ્કુલે ગયા બાદ ગુમ થયો હતો,જે તપાસ કરતા તેની ભાળ મળેલ નહિ જેથી તેના પિતા એ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી, જેથી ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેકટર આર,એમ,ભદોરિયા અને તેમની ટીમે આ માસુમ ને શોધવા દોડધામ મચાવી હતી, જેમાં દશ દિવસ ના અંતે આ માસુમ આજ ગામની અને એક સંતાન ની માતા એવી ગીતાબેન બલદેવગીરી ગોસ્વામી ઉમર વર્ષ-૪૦ સાથે પાલનપુર ના બસસ્ટેન્ડ થી મળી આવ્યો હતો, આ માસુમ બાળક હતી, અને ત્રાસ થી છુટકારો મેળવવા આ ગામના જ માસુમ વિદ્યાર્થી ને સાથે લઈ પોતાના પતી ગૃહે થી જતી તેણીને તેના પિયર ભાભર તાલુકા ના ચચાસના જવું છે જેથી પોલીસે તે પુખ્ત હોઈ તેની મરજી મુજબ જવા


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સાથે ઝડપાઈ ગયેલી મહિલા એ પોતાના પોલીસ સમક્ષ ના નિવેદન માં જણાવેલ કે તેનો પતિ ત્રાસ આપતો હતો, જેથી તે કંટાળી ગઈ રહી હતી, અને અંબાજી ખાતે મનની શાંતિ મેળવવા આ વિદ્યાર્થી સાથે રોકી ગઈ હતી, આ મહિલા એ પોલીસ સમક્ષ એવું પણ જણાવેલ કે દીધી હતી,જયારે ગભરુ એવા ભાવેશે પોતાના પિતા સાથે જવાની વાત કરતા પોલીસે તેને પણ પિતા ને સોપી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભિલોડા તાલુકાના મહેરૂ ગામમાં એક મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા

ભિલોડા,તા.૧
અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મહેરૂ ગામમાં એક મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા.કુલ મુદ્દામાલ રૂા.૪૧,૦૦૦/-ની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ અમરેલી જીલ્લામાં નાયબ જીલ્લા વિકાસ અધિકારી, અમરેલી ખાતે ફરજ બજાવતા બચુસિંહ વીરજીભાઈ કોટડના માદરે વતન ભિલોડા તાલુકાના મહેરૂ ગામમાં તેમના મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. અજાણ્યા ચોર ઈસમોએ મકાનના લોખંડના દરવાજાના તાળા તોડી નાંખી મકાનની અંદર પ્રવેશ કર્યો હતો.મકાનની અંદર મુકેલ લોખંડની તિજોરીઓ તસ્કરોએ તોડી નાખી મકાનમાં તોડ-ફોડ કરી નાખતા રૂા. ૨૦,૦૦૦/- રોકડા,સોનાની વીટીં નંગ-૬ કિંમત રૂા.૨૦,૦૦૦/-,જોધપુરી શુટ કિંમત રૂા.૧,૦૦૦/-કુલ મુદ્દામાલની કિંમત રૂા.૪૧,૦૦૦/- ના માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર જવા પામી છે. ભિલોડા તાલુકાના મહેરૂ ગામના વતની અને નાયબ વિકાસ અધિકારી,અમરેલી ખાતે ફરજ બજાવતાં બચુસિંહ વીરજીભાઈ કોટડએ અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧